સ.મ.મુ.ગાં.(એચબી-૪૯૯)-૧૫,૦૦૦-૦૬-૧૬-સીસ-૧૦

૧. મંત્રીશ્રીનો હોદ્દો અને ગૃહમાં જવાબ માગવાની તારીખ પ્રશ્નમાં જણાવી હશે નહીં તો પ્રશ્ન વિચારણામાં લઇ શકાશે નહિ.

૨. આપના પ્રશ્નો એક જ દિવસ માટે એક કરતાં વધારે હોય તો *અગ્રતા સામે ક્રમ દર્શાવવો.

# તારાંકિત પ્રશ્ન

અગ્રતા: ૨

શ્રી : અનંતકુમાર પટેલ

મતદાર વિભાગ : ૧૭૭-વાંસદા

સ્થળ : ગાંધીનગર

તારીખ : 19 AUG 2023

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.

સુરત જિલ્લામાં સરકારી જમીનમાં ઝીંગા ફાર્મ

શ્રીમાન,

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૭૪ અન્વયે હું સુચના આપું છું કે, તારીખ ૨૩/૦૮/૨૦૨૩ ના રોજ મહેસુલ વિભાગના માનનીય મંત્રીશ્રીને હું ગૃહમાં પ્રશ્ન પૂછીશ.

આપનો વિશ્વાસુ,
(સહી)

સભ્ય,
ગુજરાત વિધાનસભા.

15/3/472

પ્રશ્ન ક્રમાંક : ૩૯૪૫

આ જગ્યા ફક્ત કચેરીના ઉપયોગ માટે છે તેથી માનનીય સભ્યશ્રીએ અહીં લખાણ કરવું નહિ.

સાદર,
પુનઃ દાખલ કરવામાં
આવે.

(સહી)
૨૧/૮/૨૩

(સહી) ૨૨/૮/૨૩

માનનીય મુખ્ય મંત્રીશ્રી(મહેસુલ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૬/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૨૮૪૯ (અગ્રતા-૭૯)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) સુરત જિલ્લાના ઓલપાડ, ચોર્યાસી અને મજૂરા તાલુકામાં સરકારી પડતર, ખરાબાની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરીને ઝીંગા ઉછેર કેન્દ્ર/ઝીંગા ફાર્મ ચાલી રહ્યા હતા તે દબાણ દૂર કરવા જમીન મહેસૂલ સંહિતાની કલમ-૬૧ અન્વયે જાહેર નોટીસ પાઠવવામાં આવેલ હતી, તે અન્વયે આ તાલુકાની કયા-કયા ગામની કેટલી જમીન તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ ખુલ્લી કરાવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કયા તાલુકાના કયા-કયા ગામની કેટલી જમીન ખુલ્લી કરાવવાની બાકી છે, અને

(3) ઉક્ત બાકી જમીન ખુલ્લી કરાવવા ઉક્ત સ્થિતિએ શા પગલાં લીધાં; અને બાકી જમીન ક્યાં સુધીમાં ખુલ્લી કરાવવામાં આવશે ?

(સહી) ૨૩/૮